રમઝાનનો મહિનો શરૂ થઈ જાય એટલે રાંદેરના બજારમાંથી લઝીઝ વ્યંજનોની જે ખુશ્બુ ફેલાવા લાગે તેનાથી આખું રાંદેર મહેકવા લાગે છે. કહેવાય છે કે રાંદેર વિસ્તાર સુરત શહેર કરતા પણ જૂનો છે. રાંદેરથી રંગૂન વ્યાપાર કરવા ગયેલા લોકો બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન રાંદેર પાછા ફર્યા ત્યારે તેઓ સાથે રંગુની પરાઠા, ખાઉસે (નૂડલ્સનો સૂપ), કુલ્ફી, આલુપુરી જેવી વાનગીઓ લઈ આવ્યા હતા, જે રમઝાન બજારમાં વેચાવાનું શરૂ થયું અને તેનો સ્વાદ, તેનો ટેસ્ટ લોકોને એટલો પસંદ આવી ગયો કે લોકો આખું વર્ષ રમઝાન મહિનો શરૂ થાય તેની રાહ જોવા લાગ્યા. આ માત્ર સુરત સિટી પૂરતી વાત નથી પણ બારડોલી, ભરૂચ, વલસાડ, અમદાવાદ , મુંબઈ અને વિદેશથી પણ લોકો રાંદેરના આ રમઝાન બજારના વ્યંજનોનો ટેસ્ટ લેવા આવી પહોંચતા હોય છે. તો ચાલો આપણે જાણીએ કે, અન્ય શહેરના લોકો અહીં સ્પેશ્યલી કઈ ડિશ ખાવા આવે છે, અન્ય કયા દેશોના લોકો આ બજારમાં આવે છે, તેઓ અહીં કેટલો સમય રોકાય છે, અને આ વખતે રમઝાનના આ બજારમાં કઈ  અવનવી ડિશ આવી છે? તેના વિશે ચટપટી વાતો જાણીએ...



# સુરતના રમઝાન બજારનો સ્વાદ માણવા દેશ-વિદેશથી આવતા મહેમાનો



## લફ્ફેનો ટેસ્ટ બેમિસાલ છે પણ તે વેચનારા ઓછા છે

લફ્ફે એક પ્રકારનો મુખવાસ ગણાય છે. તેમાં શેકેલા સીંગદાણા, દાળિયા, કેસર, કોપરું, સંતરું વગેરે 7થી 8 ખાદ્ય પદાર્થ હોય છે તેમાં ઓઈલ પણ મિક્સ કરાતું હોય છે. તે વધારે ઘરે બનાવવામાં આવે છે. આ ડિશ વેચારની સંખ્યા રમઝાનના બજાર બહુ જૂજ છે.



## રાંદેર ખાલી ખાણી પીણીનું બજાર નથી, પણ એક પરંપરા છે

બારડોલીમાં રહેતા ગુલામભાઈ કારીયા છેલ્લાં 20 વર્ષથી રાંદેરના રમઝાન બજારમાં દર અઠવાડિયે પોતાના ફ્રેન્ડ્સ સર્કલ, પોતાની ફેમિલી સાથે આવે છે. તેમણે જણાવ્યું કે, રાંદેર માત્ર ખાણી પીણીનું જ બજાર નથી પણ એક પરંપરા છે. અમને અહીંના રંગુની પરાઠા, કુલ્ફી, કોઠી કુલ્ફી, સિક કબાબનો સ્વાદ પસંદ છે. તેની ખુશ્બૂથી રાંદેરની ગલીઓ મહેકી ઉઠે છે. બારડોલીમાં રાંદેર જેવું ખાણીપીણીનું બજાર નથી ભરાતું. મારા મિત્રોમાં હિન્દુ અને ક્રિશ્ચિયન પણ છે. અમે અહીં રાત્રે આવીએ અને મધરાત 3 વાગે બારડોલી પાછા જવા નીકળીએ.








## 24થી 27 વેરાયટીની કુલ્ફીઓ પર વિદેશીઓ પણ ફિદા

શોએબભાઈએ જણાવ્યું કે, રાંદેરનું આ બજાર કુલ્ફી માટે પણ ખૂબ જાણીતું છે. અત્યારે 24થી 27 વેરાયટીની કુલ્ફીઓ મળે છે, જેમાં ટોપિંગ વાળી કુલ્ફી માટે તો લોકોની ભીડ થતી હોય છે. દર વર્ષે કુલફીની નવી નવી વેરાયટી એડ થતી હોય છે. ગયા વર્ષે રોયલ રુબી તો આ વખતે કુનાફા કુલ્ફીનું લોકોમાં અટ્રેક્શન રહ્યું છે. કેનેડા, અમેરિકા, લંડનથી આવતા લોકોમાં અને ગુજરાતના અલગ અલગ શહેરોમાંથી આવતા લોકોમાં બ્લેક બ્યુટી, કુનાફા, બબલી બીસ્કોફ, બેરીબેરી, નટખટ નટેલા, ગોલ્ડન ગ્વાવા, લારાલીચીની ડિમાન્ડ વધારે છે. કુલ્ફી ખાવા લોકો રાત્રીના સમયે આ બજારમાં જમાવડો કરી દે છે.



## રમઝાનમાં NRI 15 દિવસ મહિનો સુરતમાં ગાળે છે

રમઝાન શરૂ થાય એટલે રાંદેરનું રમઝાન બજારના તરેહ તરેહના વ્યંજનોનો લઝીઝ સ્વાદ કેનેડા, અમેરિકા, લંડન, UAEના NRIને રાંદેર ખેંચી લાવે છે. અહીં એમના રિલેટિવ્ઝને ત્યાં અથવા પોતાના જૂના મકાનોના તાળા ખોલી એક અઠવાડિયું, 15 દિવસ કે મહિના માટે અહીં ફેમિલી સાથે રહે છે. અહીં જે કુલ્ફી મળે છે તે તો માત્ર એક મહિનો જ મળતી હોય એટલે એનો સ્વાદ લેવા પણ NRI ખાસ સુરત આવે છે.

## બર્મા, બેંગકોકથી આવે છે ખાટું ખારું જે એક પ્રકારનો ખાટો મીઠો મુખવાસ છે

બોર, આંબલી, ફ્રૂટ્સમાંથી ખાટું ખારું બને છે જે એક પ્રકારનો મુખવાસ છે. રમઝાન બજારમાં તેનું ખાસ આકર્ષણ હોય છે. અયાઝ અન્સારીએ જણાવ્યું કે તેઓ મ્યાંનમારથી 35 પ્રકારની આ વસ્તુઓ લઈ આવે છે. બર્માથી સારંગી આવે જે પણ ખટમીઠી હોય. બેંગકોકથી સંતરાના ખાટામીઠા છોતરા આવે જેનો પણ મુખવાસ તરીકે ઉપયોગ કરાય છે. 100-150 વર્ષ પહેલાં રંગુનથી જે લોકો રાંદેર આવ્યા હતાં તેઓ આ વસ્તુ લઈ આવ્યા હતાં. તેઓ રસ્તામાં ખાવા આ વસ્તુઓ લાવ્યા હતાં. કેરીના સૂકા ખરીયા, મધવાળા બોર, સુકા બોર, કેરીના રસમાંથી બનતા આમપાપડ મહિલાઓ ખાસ ખરીદીને લઈ જાય. યાત્રા પર જતા લોકો પણ આ ખાટું ખારું ખાસ ખરીદીને લઈ જાય છે.

## ચીકનનો મસાલો સાઉથ આફ્રિકા, ટર્કી, U.K.જાય છે

ઇમરોઝ શેખે જણાવ્યું કે અહીં રમઝાનના બજારમાં પરાઠાનો સ્વાદ લીધા બાદ લોકો મટન મચ્છી મસાલાનો ટેસ્ટ લેવા લોકો વડોદરા, અમદાવાદ, નવસારી, ભરૂચથી આવે છે. અહીંથી લોકો ચીકનના મસાલાની પેસ્ટ ત્રણ-ત્રણ, ચાર-ચાર કિલો પેક કરીને લઈ જાય. U.K., ટર્કી, કેનેડા, સાઉથ આફ્રિકામાં શિફ્ટ થયેલા જૂના કસ્ટમર પણ આ મસાલાના ઓર્ડર આપે છે. આ મસાલો સ્પાઈસી હોય છે. રોટલી કે નાન સાથે તેને ખાવાનું લોકો પસંદ કરે છે.

## ઇંગ્લેન્ડથી 50 વર્ષથી દર વર્ષે રમઝાનમાં કુલ્ફી , પરાઠા લફ્ફેનો ટેસ્ટ લેવા આવે

મોહમ્મદ ઈકબાલ પીપરડી 50 વર્ષ પહેલાં લંડન સ્થાયી થયાં હતાં. જોકે, તેઓ દર વર્ષે રમઝાનમાં રાંદેરના બજારમાં સ્વાદિષ્ટ વ્યંજન પરાઠા, કુલ્ફી, લફ્ફેનો ટેસ્ટ લેવાં આવે જ છે. કોઈ વર્ષે ફેમિલી સાથે તો કોઈ વખતે મિત્રો સાથે આવે. તેમણે જણાવ્યું કે, લફ્ફે બહુ જ ટેસ્ટી હોય. લંડનમાં પણ રમઝાનની રોનક હોય છે પણ સુરતના રાંદેર બજાર જેવી નહીં. ત્યાં પણ કુલ્ફી મળે છે પણ તેનો ટેસ્ટ રાંદેરની કુલ્ફી જેવો નથી. ત્યાં ઈદના 4-5 દિવસ પહેલા શોપિંગ શરૂ થાય, લોકો રેસ્ટોરન્ટમાં વધારે જતાં હોય છે. હું રાંદેરમાં રહ્યો છું એટલે અહીંનો પારંપરિક ટેસ્ટ લેવાં સુરત આવવાનું પસંદ કરું છું.



# ‘સુસ્ત’ Gen-Zને ‘ચુસ્ત’ બનાવી રહ્યું છે ‘અવેકન સર્કલ કોમ્યુનિટી રન ગ્રુપ’

આજના સમયમાં જ્યાં જેન-ઝીની દુનિયા રાતભર જાગવું અને મોડે સુધી સૂતા રહેવાની સાથે મોબાઈલ અને સોશિયલ મીડિયાના નાના સ્ક્રીનમાં સમેટાઈ ગઈ છે ત્યારે આ જનરેશનને ડિજિટલ માયાજાળમાંથી બહાર લાવી સવારના સૂર્યપ્રકાશમાં ફિટનેસ તરફ વાળવા માટે સુરતમાં ‘અવેકન સર્કલ કોમ્યુનિટી રન ગ્રુપ’ નામની એક અનોખી કોમ્યુનિટી શરૂ કરવામાં આવી છે.



## કોમ્યુનિટીનો ઉદ્દેશ યુવાનોને વહેલી સવારે જગાડીને મજબૂત બનાવવાનો છે


પૂજા ચૌરૂશી અને મયંક પાંડે દ્વારા શરૂ કરવામાં આવેલી આ કોમ્યુનિટીનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને વહેલી સવારે જગાડીને તેમને શારીરિક અને માનસિક રીતે મજબૂત બનાવવાનો છે. જેન-ઝી માટે શરૂ કરવામાં આવેલી આ કોમ્યુનિટીમાં બાદમાં વડીલો પણ જોડાયા છે. આજે આ કોમ્યુનિટીના સભ્યોની સંખ્યા 2000થી વધુ થઈ જવા પામી છે.

## પ્રત્યેક વાલીઓની ફરિયાદ છે કે તેમના બાળકો મોબાઈલમાં જ રચ્યા રહે છે

આ અનોખી પહેલ પાછળનો હેતુ પણ ખૂબ જ તાર્કિક છે. આ કોમ્યુનિટી ઊભી કરનાર પૂજા ચૌઋષી પોતે સ્પોર્ટ્સ એકેડેમી સાથે સંકળાયેલા છે. જ્યારે તેમની સાથે ફાઉન્ડર તરીકે મયંક પાંડે પણ જોડાયેલા છે. તેમના શબ્દોમાં કહીએ તો, આજે પ્રત્યેક વાલીઓ ફરિયાદ કરે છે કે તેમના બાળકો સવારે વહેલા ઉઠતા નથી અને સતત મોબાઈલમાં રચ્યા-પચ્યા રહે છે. વાલીઓની આ ચિંતાને પડકાર તરીકે ઝીલીને આ કોમ્યુનિટી શરૂ કરવામાં આવી છે.તેમાં જેન-ઝીને ફિટનેસ તરફ આકર્ષવા માટે દર રવિવારે અવેકન સર્કલ કોમ્યુનીટી રન દ્વારા શહેરના કોઈ ચોક્કસ સ્પોટ પર રનનું આયોજન કરવામાં આવે છે, જેમાં સભ્યો માટે દર વખતે અલગ અલગ 3, 5, 7, 10 કે 15 કિલોમીટરની દોડ રાખવામાં આવે છે.

## દર રવિવારે રન શરૂ થાય છે અને ત્યારબાદ ગેટ ટુ ગેધર કરાય છે

દર રવિવારે અલગ અલગ સ્પોટ પરથી આ રન શરૂ કરવામાં આવે છે.  ફિટનેસને કંટાળાજનક નહીં પણ મનોરંજક બનાવવા માટે અવેકન ગ્રુપની સ્ટાઈલ કંઈક અલગ છે. યુવાનો રવિવારની આ રન માટે ઉત્સાહિત રહે તે માટે રન પૂરી થયા બાદ તમામ સભ્યો કોઈ કેફેમાં ભેગા થાય છે અને ત્યાં ગેટ-ટુ-ગેધર કરે છે. રનિંગની સાથે મ્યુઝિક અને મસ્તીનો આ તડકો યુવાનોને ફરી રવિવારની રાહ જોતા કરી દે છે. આ પ્રવૃત્તિને કારણે સુરતના યુવાનો જે રવિવારની સવાર મોબાઈલ સ્ક્રોલ કરવામાં બગાડતા હતા, તેઓ હવે પર્સનલ બોન્ડિંગ અને હેલ્ધી લાઈફસ્ટાઈલ તરફ વળ્યા છે. અવેકન ગ્રુપના પ્રયાસો આજે સુરતના યુવાધનને ફિટનેસનો સાચો અર્થ સમજાવી રહ્યા છે.



## મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...

## હતી મહિલાઓ એક સમયે અશક્ત, હવે છે પુરુષો કરતાં પણ વધુ સશક્ત...




ફરતા હતા અમે ચાર દીવાલોની વચ્ચે, હવે અમે ફરીએ છીએ આખા શહેરની વચ્ચે... કાર પણ ચલાવીએ અને પોલીસનો ડંડો પણ, રિક્ષા પણ ચલાવી શકીએ છીએ અને સ્કૂટર પણ... બાકી નથી રાખ્યું કોઈપણ ક્ષેત્ર, અમે તો છીએ હવે સર્વત્ર... સરકારી ખાતાઓમાં છે અમારી બોલબાલા, ગૃહિણી તરીકે પણ છવાયેલી છે અમારી કલા... દેશને બચાવવાની જવાબદારી નિભાવીએ, મુશ્કેલીઓમાં હંમેશાં સાથે રહીએ... નથી અમે અશક્ત, હવે અમે છીએ સશક્ત...